# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13/07/2026** **Morning : 7.10 to 7.20**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **મિયાવાકી પદ્ધતિથી એક જ કલાકમાં 3.61 લાખ વૃક્ષારોપણ કરી અમદાવાદ મહાનગરપાલિકાનો વિશ્વવિક્રમ, કેન્દ્રીય ગૃહમંત્રી અને મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યાં**
2. **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે NFSU ખાતે ઇન્ટરપોલ DFEG-મીટિંગનું અને દહેગામમાં APMCના શાકભાજી પેટા યાર્ડનું ઉદ્ઘાટન કરશે**
3. **પંચમહાલમાં વાઇરસ ફેલાવતી 300 સફેદ માખીઓને પકડી ને તપાસ માટે મોકલાઈ**
4. **સુરત શહેરના છ અસરગ્રસ્ત તાલુકાઓમાં અંદાજે 84 લાખ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઇ**
5. **અમદાવાદના સ્વરિત જોશીએ કોલંબિયા ખાતે યોજાયેલ 56મા આંતરરાષ્ટ્રીય ભૌતિકશાસ્ત્ર ઓલિમ્પિયાડમાં સુવર્ણ ચંદ્રક જીત્યો**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# MIAWANKI RECORD

પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભવિષ્યના સંકલ્પને સાકાર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગઇકાલે ભાડજ ખાતે આયોજિત મહાઅભિયાનમાં મિયાવાકી પદ્ધતિથી એક જ કલાકમાં 3.61 લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ કરીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં ગઈકાલે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત આશરે 91 ,006 ચોરસ મીટર વિસ્તારમાં યોજાયેલા આ અભિયાનમાં 25,000થી વધુ સ્વંયસેવકો ઉત્સાહપૂર્વક જોડાતા વિશ્વવિક્રમ સર્જાયો છે. કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમિત શાહે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં મિયાવાકી પદ્ધતિ અંતર્ગત એક કલાકમાં 3.61 લાખથી વધુ વૃક્ષારોપણનો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવવા બદલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, તમામ સ્વયંસેવકો તેમજ વિસ્તારના રહેવાસીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા.

આ વિશ્વવિક્રમ સ્થાપવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સો શિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ દ્વારા અમદાવાદ મહાનગર પાલિકાને અભિનંદન આપીને આ કામગીરીને બિરદાવી હતી.

# AMIT SHAH TODAY

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી- N.F.S.U ખાતે, 11મી ઇન્ટરપોલ ડિજિટલ ફોરેન્સિક એક્સપર્ટ ગ્રુપ DFEG મીટિંગનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે 47 દેશોના પ્રતિનિધિ, કાયદા અમલીકરણ એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજરી આપશે.

કેન્દ્રીય ગૃહમંત્રી ત્રણ સેન્ટર ઓફ એક્સેલન્સ, એશિયાની પ્રથમ 'સાયબર ફોરેન્સિક ઇન્વેસ્ટિગેશન વાન' અને વૈશ્વિક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરશે. આ પ્રદર્શનમાં 30 થી વધુ બહુરાષ્ટ્રીય કંપનીઓ પોતાની નવી ટેક્નોલોજી અને સાધનો પ્રદર્શિત કરશે. શ્રી શાહ ‘AI-સક્ષમ ડિજિટલ ફોરેન્સિક ઇન્વેસ્ટિગેશન’ વિષય પર પ્રથમ આંતરરાષ્ટ્રીય તપાસકર્તા સ્પર્ધા અને શિખર સંમેલનનું પણ ઉદ્ઘાટન કરશે.

# AMIT SHAH - APMC

સહકાર મંત્રી અમિત શાહ આજે  દહેગામમાં કૃષિ ઉત્પન્ન બજાર સમિતિના અમૃત મહોત્સવ દરમિયાન એક નવા શાકભાજી પેટા યાર્ડનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમ દરમિયાન, તેઓ 'એક પેડ મા કે નામ ' અભિયાન હેઠળ એક છોડ રોપશે અને અમૃત મહોત્સવની ઉજવણી માટે તૈયાર કરાયેલ એક વિશેષ પ્રકાશનનું વિમોચન કરશે. આ પ્રસંગે, શ્રી અમિત શાહ દહેગામ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિના બોર્ડ સભ્યો સાથે પણ વાતચીત કરશે.

# AMIT SHAH ON OZONE

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે અમદાવાદમાં સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમનો આરંભ કરાવ્યો હતો. તેમણે વૃક્ષો વાવવાથી પર્યાવરણને અને માનવ જીવનને થતાં ફાયદા પર પ્રકાશ પાડ્યો હતો.

શ્રી શાહે વધતાં જતાં કાર્બન ઉત્સર્જન વિશે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે , ભાવિ પેઢી માટે પૃથ્વીને જીવવાલાયક રાખવા માટે વૃક્ષોનું આવરણ જરૂરી છે. આ માટે તેમણે દરેક નાગરિકને પોતાના ઘર પર સોલાર રૂફટોપ લગાવવા અને સોસાયટીના દરેક ખૂણે વૃક્ષ વાવવા અપીલ કરી હતી. જેથી વધતાં તાપમાન અને ઓઝોન સ્તરના નુકસાન સામે આવનારી પેઢીઓને રક્ષણ મળી શકે.

**(BYTE: AMIT SHAH, UNION HOME MINISTER)**

# PANCHMAHAL - CHANDIPURA VIRUS

ચાંદીપુરા વાઇરસને વધુ ફેલાતો અટકાવવા માટે પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્વે અને દવાનો છંટકાવ સહિતની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરાઇ છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાંથી  300 જેટલી સફેદ માખી પકડીને તેને તપાસ માટે મોકલાઇ હોવાનું જિલ્લા આરોગ્ય અધિકારી   ડૉ. બી કે પટેલે  જણાવ્યું હતું.

**(BYTE - DR. B. K. PATEL)**

# CHANDIPURA VIRUS

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના બે કેસ પોઝિટિવ નોંધાતા આરોગ્ય તંત્ર સતર્ક થયું છે. સારવાર હેઠળના બંને દર્દીઓ નાના બાળકો છે. જેમાં એક બાળક સાબરકાંઠા જિલ્લાનું અને બીજુ ખેડા જિલ્લાના કપડવંજનુ છે. બંને બાળકોને વિશેષ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બંનેના રિપોર્ટમાં ચાંદીપુરા વાયરસની પુષ્ટિ થયા બાદ તેમને તાત્કાલિક આઈસોલેશનમાં રાખીને નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ સારવાર શરૂ કરવામાં આવી છે. હાલમાં એક બાળકની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાયું છે , જ્યારે બીજા બાળકને વેન્ટિલેટર સપોર્ટ પર રાખીને સારવાર આપવામાં આવી રહી છે.

બંને કેસ પોઝિટિવ નોંધાતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાત્કાલિક સ્પેશિયલ આઈસોલેશન વોર્ડ કાર્યરત કરવામાં આવ્યો છે. બાળરોગ નિષ્ણાતો, ક્રિટિકલ કેર તબીબો , નર્સિંગ સ્ટાફ અને અન્ય આરોગ્ય કર્મચારીઓને રાઉન્ડ ધ ક્લોક ફરજ પર તહેનાત કરવામાં આવ્યા છે. દર્દીઓની સતત મોનિટરિંગ સાથે તમામ જરૂરી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

# WEATHER

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં વાતાવરણ મુખ્યત્વે શુષ્ક રહ્યું છે , જ્યારે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ નોંધાયો છે. હાલમાં સક્રિય મોનસૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે આગામી સાત દિવસ દરમિયાન સમગ્ર ગુજરાત , સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ કહ્યુ છે.

**(BYTE: PRADEEP SHARMA,**

**METEOROLOGICAL DEPARTMENT SCIENTIST)**

# SURAT - SAHAY VITARAN

સુરત શહેર અને આજુબાજુના વિસ્તારોમાં સર્જાયેલી પૂરની પરિસ્થિતિને ધ્યાને રાખીને, રાજ્ય સરકારના દિશાનિર્દેશ અનુસાર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત નાગરિકોને ત્વરિત આર્થિક રાહત આપવાની કામગીરી વેગવંતી બનાવવામાં આવી છે.

સુરત શહેરના છ અસરગ્રસ્ત તાલુકાઓમાં કુલ 3 હજાર 690 અસરગ્રસ્ત લાભાર્થીઓને કુલ 83.93 લાખથી વધુની આર્થિક સહાય પેટે કેશડોલ્સ તેમજ ઘરવખરી નુકસાનીની સહાય ચૂકવવામાં આવી. અત્યાર સુધીમાં શહેરના છ તાલુકામાં કુલ 20 હજાર 945 અસરગ્રસ્તોને કુલ 4.68 કરોડથી વધુની આર્થિક સહાયની ચૂકવણી કરવામાં આવી છે. પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં હજુ પણ સર્વેની કામગીરી શરૂ છે.

# RAJYPAL - JAMNAGAR

જામનગરમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં ગર્ભસંસ્કાર , ગર્ભવિજ્ઞાન પ્રશિક્ષણ દીક્ષાંત સમારોહ અને રાષ્ટ્રીય સંગોષ્ઠિ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં રાજ્યપાલે જણાવ્યું કે , ગર્ભ સંસ્કાર એક પવિત્ર સંસ્કાર છે. કાર્યક્રમના આયોજક ડૉ. હિતેશ જાનીએ કાર્યક્રમ અંગે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

## (BYTE - DR. HITESH JANI)

દરમિયાન રાજ્યપાલે જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન તેમણે પર્યાવરણની સુરક્ષા અને સ્વચ્છતાના ઉમદા ઉદ્દેશ્ય સાથે વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થઈ ગ્રામજનોને પ્રેરિત કર્યા હતા. તેમણે લતીપર ગામમાં વૃક્ષારોપણઅને ગામની સાફ-સફાઈ રાખવામાં મહત્વનું યોગદાન આપતા સ્વચ્છતા કર્મીઓનું વિશેષ સન્માન પણ કર્યું.

આ મુલાકાત દરમિયાન તેમણે ગામના સામાન્ય પરિવારના ઘરે સાદગીપૂર્વક ભોજન ગ્રહણ કરી સામાજિક સમરસતાનું પ્રેરક દ્રષ્ટાંત પૂરું પાડ્યું. ભોજન દરમિયાન તેમણે પરિવારના સભ્યો સાથે અત્યંત સહજતાથી સંવાદ સાધ્યો હતો.

# INTERNATIONAL PHYSICS OLYMPIAD

અમદાવાદના સ્વરિત જોશીએ કોલંબિયાના બુકારામંગા ખાતે યોજાયેલા 56મા આંતરરાષ્ટ્રીય ભૌતિકશાસ્ત્ર ઓલિમ્પિયાડ 2026માં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. પાંચ સુવર્ણ ચંદ્રક વિજેતાઓમાં પુણેના કનિષ્ક જૈન , ઇન્દોરના રિદ્ધેશ અનંત બેન્ડેલ, નવી દિલ્હીના ઋષિત ગર્ગ, મુંબઈના શ્રેષ્ઠ સુરૈયાનો સમાવેશ થાય છે.

આ સિદ્ધિ સાથે , ભારતે 87 દેશોના 381 વિદ્યાર્થીઓમાં રશિયા , ચીન, કઝાકિસ્તાન, દક્ષિણ કોરિયા અને તાઇવાન સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

# TEST CRICKET

લોર્ડ્સમાં રમાયેલી પ્રથમ મહિલા ટેસ્ટ ક્રિકેટ ભારતીય ટીમ જીતથી માત્ર ચાર વિકેટ દૂર છે. ભારતીય વિકેટકીપર અને બેટ્સમેન યાસ્તિકા ભાટિયા લોર્ડ્સમાં ટેસ્ટ સદી ફટકારનાર પ્રથમ મહિલા ક્રિકેટર બની છે.

ભારતના બોલરોએ ઇંગ્લેન્ડ સામેની ઐતિહાસિક એકમાત્ર મહિલા ટેસ્ટ મેચમાં પોતાની પકડ મજબૂત બનાવી છે. બીજા દિવસની રમત 269 રનની લીડ સાથે મેચ ફરી શરૂ કરતા , ટીમ ઇન્ડિયાએ 7 વિકેટે 341 રન પર પોતાનો બીજો દાવ જાહેર કર્યો હતો.

આમ ભારતે , ઇંગ્લેન્ડને 457 રનનો લક્ષ્યાંક આપ્યો હતો જેના જવાબમાં , ઇંગ્લેન્ડ સ્ટમ્પ સુધી 6 વિકેટે 130 રનમાં ઓલઆઉટ થઈ ગયું , જેમાં એમી જોન્સ 52 રન બનાવીને અણનમ રહી હતી.